# સ્માર્ટ મીટર: વલસાડમાં વીજ ટીમ પર હુમલો





**લોખંડના** પાઈપથી હુમલાનો પ્રયાસ કરી જાનથી મારી નાખવાની ધમકી, બે ભાઈ સામે ગુનો દાખલ

વલસાડ : વલસાડ શહેરમાં સ્માર્ટ મીટર લગાવવાની કામગીરી દરમિયાન વીજ કંપનીના કર્મચારીઓ પર હુમલો થવાની ઘટના સામે આવી છે. વલસાડ ઈસ્ટ સબ ડિવિઝનના નાયબ ઈજનેર નિરવ પટેલ દ્વારા વલસાડ ટાઉન પોલીસ મથકે બે આરોપીઓ સામે ફરિયાદ નોંધાવવામાં આવી છે.

મળતી માહિતી મુજબ, ડી.એસ. એસ. યોજના હેઠળ સ્માર્ટ મીટર લગાવવાની કામગીરી ચાલતી હતી. વલસાડના ધરમપુર ચોકડી નજીક ક્રિષ્ના હોટલની બાજુમાં આવેલા ઘાસમણી કોમ્પ્લેક્સની દુકાન નંબર ૨૨ ખાતે સ્માર્ટ મીટર બદલવા માટે વીજ ટીમ પહોંચી હતી.

ગ્રાહક મહમદ શકીબ અબ્દુલ અઝીઝ છીપાના નામે નોંધાયેલા કનેક્શન અંગે પૂછપરછ કરતા અને મીટર બદલવા જતા દુકાન પર હાજર ઈસમો ઉશ્કેરાઈ ગયા હતાં. આરોપી મહમદ શકીબ અને તેના ભાઈ મહમદ ઉબેઈ આરીફ છીપાએ વીજ અધિકારીઓ સાથે બોલાચાલી કરી ગાળો આપી હતી. આ દરમિયાન મહમદ શકીબે લોખંડના પાઈપ વડે હુમલો કરવાનો પ્રયાસ કર્યો હતો અને ઝપાઝપી દરમિયાન અધિકારીના શર્ટના બટન તોડી નાખ્યા હતા. જો તમે સ્માર્ટ મીટર લગાવશો તો તમને જાનથી મારી નાંખીશ તેવી ધમકી પણ આપી હતી.

આ અંગે નાયબ ઈજનેર નિરવ પટેલે વલસાડ ટાઉન પોલીસ સ્ટેશનમાં ફરિયાદ આપતા પોલીસે આરોપીઓ (૧) મહમદ શકીબ અબ્દુલ અઝીઝ છીપા અને (૨) મહમદ ઉબેઈ આરીફ છીપા (રહે. અશ્વિનીકુમાર મોગરાવાડી, વલસાડ) વિરૂદ્ધ સરકારી કામમાં રૂકાવટ ઊભી કરવા અને હુમલો કરવા અંગે ફરિયાદ નોંધાવતા પોલીસે ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

### કપરાડામાં જૂના મીટરમાં 200 સ્માર્ટ મીટરમાં 700 બિલનો આરોપ

કપરાડા, વલસાડના વિસ્તારોમાં સ્માર્ટ વીજ મીટર લગાવ્યા બાદ વીજ બિલમાં અસામાન્ય વધારો થયો છે. સવિતાબેન બારીયાની આગેવાની હેઠળ મંગળવારે કપરાડા વીજ કચેરીમાં આવેદનપત્ર અપાયું. લોકોએ સ્માર્ટ મીટર હટાવવાની માંગ કરી છે.

### શું છે સરકારની દલીલ

પારદર્શિતા અને ટેકનોલોજી: સરકાર જણાવે છે કે સ્માર્ટ મીટર યોજના કેન્દ્ર સરકારની RDSS અંતર્ગત અમલમાં મૂકવામાં આવી રહી છે. આ મીટરથી ગ્રાહકો પોતાના વીજ વપરાશનું રિયલ-ટાઇમ ટ્રેકિંગ કરી શકે છે અને બિલિંગમાં ભૂલો કે માનવ ભૂલ દૂર થાય છે. મોટા બિલ અંગે સ્પષ્ટતા અંગે કહેવું છે કે, ગ્રાહકો તરફથી ઝડપી રિચાર્જ પૂરું થવા અને વધુ બિલ આવવાની ફરિયાદો અંગે સરકારે સ્પષ્ટ કર્યું છે કે સ્માર્ટ મીટર કોઈ વધારાનો કે વધારે ઝડપી ચાર્જ લેતા નથી. સ્માર્ટ મીટરમાં ડેટા અપડેટ દરરોજ થતો હોવાથી વપરાશ તુરંત દેખાય છે, જ્યારે જૂના મીટરમાં બિલ બે મહિને આવતું હોવાથી તફાવત અનુભવાય છે.

### મોગરાવાડીમાં પણ લોકોએ વિરોધ નોંધાવ્યો હતો

વલસાડના મોગરવાડી વિસ્તારમાં DGVCL દ્વારા સ્માર્ટ મીટર લગાવવાની કામગીરી સામે સ્થાનિક રહીશોએ ઉગ્ર વિરોધ નોંધાવ્યો હતો. DGVCLના કર્મચારીઓએ કોઈપણ પૂર્વ જાણકારી આપ્યા વિના મીટર લગાવવાનું શરૂ કરતા આ વિવાદ સર્જાયો હતો.

## ટ્રેનની બારીમાં હાથ નાખી મંગળસૂત્રની ચીલઝડપ

**નવસારી** સ્ટેશન પાસે અહિંસા એક્સપ્રેસમાં ચોરી ગયેલી મહિલાના ગળામાંથી ખેચાયું

વલસાડ : નવસારીથી પસાર થઈ રહેલી ટ્રેનમાં બારીમાંથી હાથ નાખી મહિલાના ગળામાંથી અજાણ્યો શખ્સ મંગળસૂત્ર આંચકીને ફરાર થઈ ગયો હોવાની ઘટના સામે આવી છે.

સુરતના ડિંડોલી, ખરવાસા રોડ સ્થિત હર્ષ બંગ્લોઝમાં રહેતા પ્રણાલી ધવંદળે પરિવાર સાથે સુરતથી પુણે જવા માટે ટ્રેન નંબર 22185 અહિંસા એક્સપ્રેસના કોચ એસ/4માં સવાર થયા હતા. રાત્રે તેઓ સીટ નંબર 4 પર ઊંઘી ગયા હતા. દરમિયાન મધ્યરાત્રિએ આશરે 00:22 વાગ્યાના સુમારે ટ્રેન નવસારી રેલવે સ્ટેશનેથી રવાના થઈને ધીમી ગતિએ આગળ વધી રહી હતી, ત્યારે અંધારા અને મુસાફરની ઊંઘનો લાભ ઉઠાવી અજાણ્યા શખ્સે બારીમાંથી હાથ અંદર નાખ્યો હતો. આરોપીએ પ્રણાલીબેનના ગળામાંથી 4.5 ગ્રામ વજનનું સોનાનું મંગળસૂત્ર આંચકી લીધું હતું અને ભાગી છૂટ્યો હતો.

ગળામાં સ્પર્શ થતાં જ મહિલા જાગી ગયા હતા, પરંતુ ત્યાં સુધીમાં મંગળસૂત્ર ગાયબ થઈ ગયું હતું. બનાવ બાદ તેમના પતિએ તુરંત 'રેલ મદદ' પોર્ટલ પર ફરિયાદ નોંધાવી હતી. મુસાફરી પૂર્ણ કર્યા બાદ પ્રણાલીબેને પુણે રેલવે પોલીસ સમક્ષ ઉપસ્થિત થઈને આ અંગે વિગતવાર ફરિયાદ આપી હતી, જેના આધારે વલસાડ રેલવે પોલીસ મથકે ગુનો રજીસ્ટર કરવામાં આવ્યો છે. હાલ વલસાડ રેલવે પોલીસના હેડ કોન્સ્ટેબલ પ્રવિણ ચૌધરીએ આગળની તપાસ હાથ ધરી છે.

# નવસારીને પરિવહનની 'ડબલ ભેટ'!

**રૂ.- 183** લાખના આધુનિક સિટી બસ પોર્ટનું લોકાર્પણ

**વલસાડ**-સુરત મેમુને લીલી ઝંડી અપાતા શહેરની કનેક્ટિવિટીમાં નવો અધ્યાય ઉમેરાયો



નવસારી : ગાંધી જયંતીના પાવન પર્વે નવસારી શહેરને જાહેર પરિવહન ક્ષેત્રે બે મહત્વપૂર્ણ સુવિધાઓની ભેટ મળી છે. એક તરફ રેલવે સ્ટેશન નજીક 183 લાખના ખર્ચે તૈયાર થયેલા આધુનિક સિટી બસ પોર્ટનું લોકાર્પણ કરવામાં આવ્યું, તો બીજી તરફ વલસાડ-સુરત મેમુ ટ્રેનને લીલી ઝંડી આપી મુસાફરો માટે રેલ કનેક્ટિવિટીનો વધુ એક વિકલ્પ ખુલ્લો કરવામાં આવ્યો.

### બસ પણ આધુનિક, રેલ કનેક્ટિવિટી વિસ્તરી

ગાંધી જયંતીના દિવસે નવસારીને મળેલી આ બે સુવિધાઓ શહેરના જાહેર પરિવહનને વધુ સુવ્યવસ્થિત, સુલભ અને મુસાફરમૈત્રી બનાવવાની દિશામાં મહત્વપૂર્ણ પગલું બની છે.

સિટી બસ પોર્ટમાં એકસાથે 8 બસોના પાર્કિંગની સુવિધા સાથે આશરે 150 મુસાફરો માટે બેઠક વ્યવસ્થા ઉભી કરવામાં આવી છે. રેલવે સ્ટેશન નજીક આ સુવિધા ઉપલબ્ધ થતાં શહેરમાં બસ અને રેલવે પરિવહન વચ્ચે વધુ સુગમ જોડાણ ઊભું થવાની આશા છે. શહેરના વિકાસ સાથે મુસાફરોની સંખ્યા અને પરિવહનની જરૂરિયાત પણ વધી રહી છે.

ત્યારે આધુનિક બસ પોર્ટ જેવી માળખાકીય સુવિધા તથા મેમુ જેવી રેલ સેવા શરૂ થવાથી નવસારીની કનેક્ટિવિટી અને જાહેર પરિવહન વ્યવસ્થાને વધુ મજબૂતી મળવાની અપેક્ષા છે.

આ પ્રસંગે મેયર અશોકભાઈ ધોરાજીયા, ધારાસભ્ય આર.સી. પટેલ, રાકેશભાઈ દેસાઈ સહિતના અગ્રણીઓ ઉપસ્થિત રહ્યા હતા.

### અપ-ડાઉન કરતા મુસાફરો માટે નવી કડી

વલસાડથી સુરત તરફ જતા મુસાફરો માટે શરૂ કરાયેલી મેમુ સેવા દૈનિક અવરજવરમાં વધુ એક વિકલ્પ પૂરો પાડશે. ટ્રેન વલસાડથી સવારે 10 વાગ્યે ઉપડી 11:55 વાગ્યે સુરત પહોંચશે. નોકરીયાતો, વિદ્યાર્થીઓ અને વેપારીઓ સહિત નિયમિત મુસાફરી કરતા લોકો માટે આ નવી રેલ સેવા ઉપયોગી સાબિત થઈ શકે છે.

## વલસાડ જિલ્લામાં પીએમ-સેતુ યોજનાના અમલીકરણની જાહેરાત

**૨૪૦** કરોડના વિશાળ રોકાણ સાથે ૫ ITIનું આધુનિકીકરણ કરાશે




વાપી : રાજ્યના નાણાં મંત્રી કનુભાઈ દેસાઈના અધ્યક્ષસ્થાને અને જિલ્લા કલેક્ટર નીતિન સાંગવાનની ઉપસ્થિતિમાં વાપીના વીઆઈએના કોન્ફરન્સ હોલમાં પીએમ- સેતુ યોજનાના અમલીકરણની જાહેરાત અંગે પત્રકાર પરિષદનું આયોજન કરવામાં આવ્યું હતું.

મંત્રી કનુભાઈએ જણાવ્યું કે, ભારત સરકાર અને ગુજરાત સરકારના સંયુક્ત ઉપક્રમે વલસાડ જિલ્લામાં કૌશલ્ય વિકાસ અને રોજગારી ક્ષેત્રે એક ઐતિહાસિક પહેલ કરવામાં આવી છે.

જિલ્લાના યુવાનોને વર્તમાન સમયની ઉદ્યોગ જગતની જરૂરિયાતો મુજબ સક્ષમ બનાવવા માટે 'PM-SETU' (Pradhan Mantri Skilling and Employability Transformation through Upgraded ITIs) યોજના અમલમાં મૂકવામાં આવી છે. આ યોજના હેઠળ આગામી પાંચ વર્ષમાં રૂપિયા ૨૪૦ કરોડના વિશાળ રોકાણ સાથે વલસાડ જિલ્લાની ૫ ઔદ્યોગિક તાલીમ સંસ્થાઓ (ITI) નું આધુનિકીકરણ (અપગ્રેડેશન) કરવામાં આવશે.

આ યોજના અંતર્ગત કેન્દ્ર સરકાર રૂપિયા ૧૨૦ કરોડ અને ગુજરાત સરકાર રૂપિયા ૮૦ કરોડનું ફંડ ફાળવશે. જ્યારે બાકીનું રૂપિયા ૪૦ કરોડનું ફંડ વલસાડ જિલ્લાના અગ્રણી ઉદ્યોગોના ભાગીદારી સહયોગથી એકત્રિત કરવામાં આવશે.

યોજનાના સફળ અમલીકરણ માટે જિલ્લાની નામાંકિત સંસ્થાઓ અને ઉદ્યોગો સાથે વિશેષ કરાર કરવામાં આવ્યા છે. જેમાં મેરિલ લાઈફ સાયન્સ ૫ વર્ષમાં કુલ રૂ. ૧૦ કરોડ, શ્રીમદ્ રાજચંદ્ર એજ્યુકેશન ટ્રસ્ટ ૫ વર્ષમાં કુલ રૂ. ૫ કરોડ) અને હુબર ગ્રૂપ ૫ વર્ષમાં કુલ રૂ. ૫ કરોડ આપશે. ઉપરાંત યુ.પી.એલ. (UPL), વારી એનર્જીસ, ડોમ્સ (DOMS), આરતી ઈન્ડસ્ટ્રીઝ, પીડીલાઈટ, બાયર, સ્કોટ પુનાવાલા, મેક્લોઈડ અને વેસ્ટર્ન રેફ્રીજરેશન પણ આ યોજનામાં જોડાવા તત્પર છે.

આ પ્રેસ કોન્ફરન્સમાં વાપી વીઆઈએના પ્રેસિડેન્ટ સતિષ પટેલ, વાઈસ પ્રેસિડેન્ટ મગન સાવલિયા, સેક્રેટરી કલ્પેશ વોરા, ખજાનચી રાજુલ શાહ, પારડી પ્રાંત અધિકારી નિરવ પટેલ, એસઆઈએના પ્રેસિડેન્ટ કૌશિક પટેલ, વીઆઈએના એડવાઈઝરી બોર્ડ મેમ્બર સર્વ યોગેશ કાબરીયા, શીરિષ દેસાઈ, પ્રકાશ ભદ્રા ઉપસ્થિત રહ્યા હતાં.

## ખેરગામમાં બાયપાસ રોડના અલાઈમેન્ટ મુદ્દે ગ્રામસભા તોફાની

**જમીન** સંપાદનને લઈને અસરગ્રસ્ત ખેડૂતોએ સખત વાંધો વ્યક્ત કરતા સભામાં વાતાવરણ તંગ બન્યું



ખેરગામ : ખેરગામ પંચાયતના કોમ્યુનિટી હોલ ખાતે સરપંચ ઝરણા પટેલના અધ્યક્ષસ્થાને ગ્રામસભાનું આયોજન કરવામાં આવ્યું હતું. ગ્રામસભામાં ચીખલી-ખેરગામ-ધરમપુર બાયપાસના ન્યુ અલાઈનમેન્ટ અંગે વિરોધ થતાં ગ્રામસભામાં વાતાવરણ તંગ બન્યું હતું.

ગ્રામસભાના એજન્ડામાં ચીખલી-ખેરગામ-ધરમપુર બાયપાસ રોડના ન્યુ અલાઈનમેન્ટ માટે થનારા જમીન સંપાદનનો મુદ્દો ચર્ચામાં આવતાં જ અસરગ્રસ્ત ખેડૂતો દ્વારા તેનો ઉગ્ર વિરોધ કરવામાં આવ્યો હતો. બાયપાસ રોડ માટે જમીન સંપાદનથી અસર થનારા સ્થાનિક ખેડૂતોએ પોતાની રજૂઆતો કરી સંપાદન અંગે સખત વાંધો વ્યક્ત કર્યો હતો. આ મુદ્દે ચર્ચા દરમિયાન ખેડૂતો અને અન્ય ગ્રામજનો દ્વારા ઉગ્ર રજૂઆતો થતાં ગ્રામસભાનું વાતાવરણ તંગ બન્યું હતું. ગ્રામજનો દ્વારા અગાઉથી રજૂ કરવામાં આવેલા અનેક સ્થાનિક પ્રશ્નો અંગે પૂરતી ચર્ચા પણ થઈ શકી નહોતી. જેમાં પીવાના પાણીની સમસ્યા, ટ્રાફિકની સમસ્યા, ગટર લાઈન અંગેનો વિવાદ, સ્ટ્રીટ લાઈટ તેમજ કચરા વ્યવસ્થાપન સહિતના પ્રશ્નો અંગે પણ ગ્રામજનો દ્વારા રજૂઆત કરવામાં આવી હતી.

ગ્રામસભામાં પી.આઈ. પીનલ ચૌધરી ઉપસ્થિત રહી ગ્રામજનોને સાયબર ક્રાઈમથી બચવા માટે માર્ગદર્શન આપ્યું હતું.

### જમીન સંપાદન મુદ્દે ખેડૂતોમાં બે મત

બાયપાસ રોડના જમીન સંપાદન મુદ્દે અસરગ્રસ્ત ખેડૂતોમાં બે મત જોવા મળ્યા હતા. કેટલાક ખેડૂતો યોગ્ય વળતર મળે તો જમીન આપવા અંગે વિચારણા કરી રહ્યા છે, જ્યારે કેટલાક ખેડૂતો પોતાની જમીન આપવા તૈયાર નથી. આ મુદ્દે વધુ ચર્ચા અને અસરગ્રસ્ત ખેડૂતોની રજૂઆતો સાંભળવા માટે ફરીથી ગ્રામસભા બોલાવી તેમાં માત્ર જમીન સંપાદનથી અસરગ્રસ્ત ખેડૂતોને જ બોલાવી બેઠક યોજવા ગ્રામ પંચાયતને જણાવાયું હતું.

## વાપીના નામધામાં રહેતા પરિવારને ફોન પર મારી નાખવાની ધમકી

વાપી : વાપીના નામધા ખડકલામાં રહેતા નાથીબેન કરમણભાઈ ચારણના પરિવાર પર મુંબઈ રહેતા ફૂઈના પુત્રએ મોબાઈલ ફોન પર જાનથી મારી નાખવાની ધમકી ઉચ્ચારી હતી. ગત ૧૬ સપ્ટેમ્બરના રોજ રાત્રે આરોપી દેવશીગણ ઉર્ફે દેગડો હરદાસ ચારણે (રહે. પાલઘર, મુંબઈ) ફોન કરી જણાવ્યું હતું કે, તે નાથુને મુંબઈ મલાડ સ્થિત ઘરમાં પગ નહીં મૂકવા દે અને બે દિવસમાં વાપી આવી તેના હાથપગ ભાંગી નાખીશ. આરોપી અવારનવાર ફોન કરી પરિવારને મારવાની ધમકી આપતો હતો. આ અંગે ડરી ગયેલા પરિવારે વાપી ટાઉન પોલીસ સ્ટેશનમાં ફૂઈના પુત્ર વિરુદ્ધ ફરિયાદ નોંધાવતા પોલીસે આગળની કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

### પાણી અને ડ્રેનેજ લાઈન નાખ્યા બાદ રસ્તાઓ અસમતલ બનતા લોકોને હાલાકી

# વલસાડમાં રસ્તાની હાલત બિસ્માર

**નગરસેવિકાએ** ધારાસભ્યને પત્ર લખી ગ્રાન્ટ ફાળવવા કરી માંગ

**શહીદ** ચોક, ઘાંચીવાડ અને માછીવાડ સહિતના વિસ્તારોમાં દયનીય સ્થિતિ



વલસાડ : વલસાડ નગરપાલિકાના વોર્ડ નંબર ૧ માં વિવિધ વિસ્તારોમાં જી.યુ.ડી.સી. (GUDC) દ્વારા પાણી અને ડ્રેનેજ લાઈન નાખવાની કામગીરી પૂર્ણ થયા બાદ રસ્તાઓની અત્યંત બિસ્માર હાલત થઈ ગઈ હોવાથી સ્થાનિક રહીશો મુશ્કેલીમાં મુકાયા છે. આ સમસ્યાના કાયમી નિરાકરણ માટે વોર્ડ નં. ૧ ના નગરસેવિકા વર્ષાબેન પાનવાલાએ વલસાડ વિધાનસભાના ધારાસભ્યને પત્ર લખીને તાત્કાલિક ગ્રાન્ટ ફાળવવાની માંગ કરી છે.

પત્રમાં જણાવ્યા અનુસાર, પાણી અને ડ્રેનેજ લાઈન નાખ્યા બાદ યોગ્ય રીતે રિસરફેસિંગ ન થવાના કારણે રસ્તાઓ ખાડાવાળા અને અસમતલ બની ગયા છે. ખાસ કરીને શહીદ ચોકથી સુથડ ફળિયા સુધી, ઘાંચીવાડ વિસ્તાર, માછીવાડ વિસ્તાર, શહીદ ચોકથી ઈંટના ભઠ્ઠા સુધીનો રસ્તો તેમજ દેસાઈવાડ અને જલધારા એપાર્ટમેન્ટ સહિતના વિસ્તારોમાં માર્ગોની સ્થિતિ દયનીય બની ગઈ છે. જેના લીધે વાહનચાલકો અને રાહદારીઓને ભારે હાલાકી ભોગવવી પડી રહી છે તેમજ ચોમાસા દરમિયાન અકસ્માત થવાની ભીતિ સેવાઈ રહી છે.

અગાઉ ઓક્ટોબર ૨૦૨૫ ની સામાન્ય સભામાં પણ આ પૈકીના કેટલાક રસ્તાઓના કામો મંજૂર થયેલા હતા અને કામગીરી પૂર્ણ થઈ હોવા છતાં યોગ્ય મરામતની જરૂરિયાત ઊભી થઈ છે. જેથી સંબંધિત વિભાગ દ્વારા સ્થળ પર સર્વે કરાવી, જરૂરી ટેક્નિકલ તપાસ અને વહીવટી પ્રક્રિયા પૂર્ણ કરી રસ્તાના રિસરફેસિંગ માટે જરૂરી ગ્રાન્ટ તાકીદે ફાળવવામાં આવે તેવી રજૂઆત કરવામાં આવી છે.

## વાપીના બલીઠામાં પાન સેન્ટરના સંચાલક સાથે મારામારી

વાપી : વાપીના બલીઠા સ્થિત શ્રી કૃષ્ણા રેસિડેન્સમાં પાન સેન્ટરની દુકાન ચલાવતા મૃત્યુંજયકુમાર લક્ષ્મીનંદન સિંહ સાથે ગત 30 સપ્ટેમ્બરના રોજ રાત્રે નજીવી બાબતે ઉશ્કેરાયેલા હેતનકુમાર કિશોરભાઈ રાઠોડે ઝઘડો કરી મારામારી કરી હતી. આરોપીએ ગ્રાહક અંકિતના નામે સામાન આપવા બાબતે બોલાચાલી કરી મૃત્યુંજયકુમાર પર ઢીક્કામુક્કી કરી હતી અને પથ્થરથી હુમલો કરી માથામાં ગંભીર ઈજાઓ પહોંચાડી હતી. આ દરમિયાન પિતાને છોડાવવા વચ્ચે પડેલા તેમના પુત્રને પણ આરોપીએ માર માર્યો હતો. આ સમગ્ર બનાવ અંગે ભોગ બનનાર મૃત્યુંજયકુમારે વાપી ટાઉન પોલીસ સ્ટેશનમાં હેતનકુમાર વિરુદ્ધ ફરિયાદ નોંધાવતા પોલીસે આગળની કાયદેસરની તપાસ હાથ ધરી છે.

## સંક્ષિપ્ત સમાચાર

### પારડી ઉમરસાડીના અટલ બ્રિજ ખાતે નાણામંત્રીની ઉપસ્થિતિમાં સફાઈ અભિયાન



અમૃત પટેલ

પારડી : રાષ્ટ્રપિતા મહાત્મા ગાંધીજીની ૧૫૭મી જન્મજયંતિ નિમિત્તે રાજ્યના નાણાં મંત્રી કનુભાઈ દેસાઈની ઉપસ્થિતિમાં ઉમરસાડીમાં આવેલા અટલ બ્રિજ સમુદ્ર કાંઠે 'સ્વચ્છતા હી સેવા' અંતર્ગત સફાઈ અભિયાન યોજાયું હતું. આ અભિયાનમાં જિલ્લા કલેક્ટર નીતિન સાંગવાન સહિતના જોડાયા હતાં. સફાઈ અભિયાનમાં પારડી પ્રાંત અધિકારી નિરવ પટેલ, જિલ્લા પંચાયતના કારોબારી ચેરમેન પ્રજ્ઞેશ પટેલ, પારડી તાલુકા પંચાયતના પ્રમુખ કિન્નરી પટેલ, માર્ગ અને મકાનના કાર્યપાલક ઈજનેર જતીન પટેલ, તાલુકા સંગઠનના માજી પ્રમુખ મહેશ દેસાઈ, સરપંચો, સભ્યો, આંગણવાડીની બહેનો તેમજ મોટી સંખ્યામાં શાળા-કોલેજના વિદ્યાર્થીઓ, સ્વૈચ્છિક સંગઠનો અને ગ્રામજનો ઉત્સાહભેર જોડાયા હતા.

### વલસાડના મૂળીમાં ગાંધી મંદિરમાં કાર્યક્રમ યોજાયો




વલસાડ : ગાંધી જયંતી નિમિતે વલસાડ તાલુકાના મૂળીમાં ઐતિહાસિક ગાંધી મંદિરમાં કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં મહાનુભાવો દ્વારા સૂતરની આટી પહેરાવી ગાંધી બાપુને શ્રદ્ધાંજલિ આપવામાં આવી હતી. ગામની મહિલાઓ દ્વારા ગાંધીજીના ભજનો ગવાયા હતાં. સ્વચ્છતા અંગે પ્રતિજ્ઞા લીધી હતી. આ પ્રસંગે જિલ્લા પંચાયત સભ્ય સ્નેહલ પટેલ, કિસાન મોરચા પ્રમુખ રૂપેશ પટેલ, તાલુકા પંચાયત સભ્ય તન્વીકબેન પટેલ, તાલુકા સભ્ય સંજયસિંહ ઠાકોર, યુવા મોરચા પ્રમુખ રિશિરાજ ઠાકોર, અશોક પટેલ, સરપંચ કલવાડા ગામના સામાજિક કાર્યકર્તા મુકેશ પટેલ, ભાજપ કાર્યકર્તાઓ મોટી સંખ્યામાં હાજર રહ્યા હતાં.

### વાંસદામાં આંકડા ધોધ ખાતે સ્વચ્છતા અભિયાન



નિલેશ કાપડિયા

વાંસદા: વાંસદા તાલુકાના વાંગણ ગામે આવેલા આંકડા ધોધ ખાતે ગાંધી જયંતિ નિમિત્તે સ્વચ્છતા અભિયાન યોજવામાં આવ્યું હતું. પ્રકૃતિપ્રેમ અને પર્યાવરણ સંરક્ષણનો સંદેશો લોકો સુધી પહોંચાડવાના હેતુથી ધોધ અને આસપાસના વિસ્તારમાં પડેલો પ્લાસ્ટિક સહિતનો કચરો એકત્ર કરી સ્થળની સાફ-સફાઈ કરવામાં આવી હતી. આ સ્વચ્છતા અભિયાનમાં પી.આઈ. કિરણ પાડવી, દિવ્યેશ પટેલ, વિપુલ દેશમુખ, હિરેન દાંડેકર તથા વાંસદા AVM સ્કૂલના શિક્ષક પ્રિતેશ પટેલ સહભાગી બન્યા હતા. આ પ્રસંગે ઉપસ્થિત સૌએ પ્રવાસન સ્થળોની સુંદરતા અને પ્રાકૃતિક સંપદાને જાળવવા માટે સ્વચ્છતા જાળવવી જરૂરી હોવાનું જણાવ્યું હતું. ખાસ કરીને ધોધ, ડુંગર અને અન્ય પ્રકૃતિના સ્થળોએ ફરવા આવતા પ્રવાસીઓએ પ્લાસ્ટિકની બોટલો, પેકેટો કે અન્ય કચરો જ્યાં-ત્યાં ન ફેંકી કચરા પેટીમાં નાખવો અથવા પોતાનો કચરો પરત લઈ જવો જોઈએ તેવો સંદેશ આપવામાં આવ્યો હતો. ગાંધીજીના સ્વચ્છતા અને પર્યાવરણ સંરક્ષણના વિચારોને જીવનમાં ઉતારીને પ્રવાસન સ્થળોને સ્વચ્છ, સુંદર અને પ્લાસ્ટિકમુક્ત રાખવા સૌને અપીલ કરવામાં આવી હતી.

### સરીગામની કંપની દ્વારા કાપડની થેલીઓનું વિતરણ કરાયું



ઉમેશ સોલંકી

ઉમરગામ : સમગ્ર દેશમાં ચાલી રહેલા 'સ્વચ્છતા હી સેવા' પખવાડિયા અંતર્ગત કોરોમંડલ ઇન્ટરનેશનલ લિમિટેડ સરીગામ દ્વારા 'પ્લાસ્ટિક હટાવો, પર્યાવરણ બચાવો' અભિયાન હેઠળ સરીગામ તેમજ આસપાસના વિસ્તારોમાં નાગરિકોને કાપડની થેલીઓનું વિતરણ કરવામાં આવ્યું હતું. આ અભિયાનનો મુખ્ય ઉદ્દેશ્ય સિંગલ-યુઝ પ્લાસ્ટિકનો વપરાશ બંધ કરી સુતરાઉ (કોટન) થેલીઓના ઉપયોગને પ્રોત્સાહન આપવાનો છે, જેથી પર્યાવરણ સંરક્ષણની દિશામાં એક સાર્થક અને નક્કર પગલું ભરી શકાય. આ કાર્યક્રમ દરમિયાન લોકોને પ્લાસ્ટિકથી થતા નુકસાન અંગે જાગૃત કરવામાં આવ્યા હતા અને દૈનિક જીવનમાં કાપડની થેલીઓનો જ ઉપયોગ કરવા માટે આહ્વાન કરવામાં આવ્યું હતું. આ લોકજાગૃતિ અભિયાનમાં કોરોમંડલ ઇન્ટરનેશનલ લિમિટેડ તરફથી સીએસઆર હેડ વિનીત પાંડે સહિત કંપનીના ૧૭ અન્ય કર્મચારીઓ સક્રિયપણે જોડાયા હતા. આ ઉપરાંત કાર્યક્રમમાં તાલુકા પંચાયત સભ્ય રાકેશભાઈ રાય, જિલ્લા પંચાયત સભ્ય તેમજ વિસ્તારના અન્ય અગ્રણી અને પ્રતિષ્ઠિત નાગરિકો ઉપસ્થિત રહ્યા હતા. સ્થાનિક રહીશો અને જનપ્રતિનિધિઓએ કંપનીની આ હરિત પહેલને આવકારી હતી તેમજ પર્યાવરણને સ્વચ્છ અને પ્લાસ્ટિક મુક્ત રાખવા સહયોગ આપવાનો સંકલ્પ વ્યક્ત કર્યો હતો.

### 'રન ફોર ડ્રગ ફ્રી ડાંગ' ડાંગ જિલ્લા પોલીસ દ્વારા દોડનું ખાસ આયોજન



ગિરીશ ભોયે

સાપુતારા : ડાંગ જિલ્લા પોલીસ દ્વારા જિલ્લામાં નશામુક્તિની જનજાગૃતિ માટે રન ફોર ડ્રગ ફ્રી ડાંગ સૂત્ર સાથે દોડનું આયોજન કરવામાં આવ્યું હતુ. કાર્યક્રમને નાયબ મુખ્ય દંડક વિજય પટેલ, જિલ્લા પંચાયત પ્રમુખ રાજેશ ગામિત, જિલ્લા પોલીસ વડા પૂજા યાદવ સહિતએ દોડને લીલીઝંડી આપી હતી. આ દોડમાં નાગરિકો, યુવાનો, વિદ્યાર્થીઓ, રમતવીરો તેમજ પોલીસ અધિકારીઓ અને કર્મચારીઓએ ભાગ લીધો હતો. દોડ પુર્ણ થયાના અંતે પ્રથમ ત્રણ નંબરે આવનારને ટ્રોફી આપી સન્માનિત કરવામાં આવ્યાં હતા. આ કાર્યક્રમમાં અધિક જિલ્લા આરોગ્ય અધિકારી ડો.હિમાશુભાઇ, નાયબ પોલીસ અધીક્ષક કે. આર.ડિમરી, જે.પી.નલવાયા સહિત પોલીસ અધિકારીઓ તેમજ ભાજપ પાર્ટી પ્રમુખ સુરેશ ચૌધરી, કિનેશભાઇ (ભરૂચ) અલ્ટ્રા રનર (ઇવેન્ટ ઓરગેનાઝર), ધાર્મિકભાઇ પરમાર અલ્ટ્રા રનર -જયદીપભાઇ, ભોવાન રાઠોડ (પર્વતારોહક), પ્રજ્ઞેશભાઇ સુર્યવંશી (રનર), રાજુભાઇ (યુનિટી ગૃપ) સ્પોન્સર, સુરક્ષા કર્મીઓ અને નાગરિકોએ ઉપસ્થિત રહ્યાં હતાં. કાર્યક્રમમાં ઉદઘોષક તરીકે ગૌરવ કટારેએ ભુમિકા નિભાવી હતી.


